# G.M.D.C.LTD., COMPANY SECRETARY DIVISION, AHMEDABAD

Financial Express (Gujarati)

Date : 07/09/2017

# ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડ

## (ગુજરાત સરકારનું સાહસ)

રજીસ્ટર્ડ ઓફીસઃ ''ખનીજ ભવન'', ૧૩૨ ફીટ રીંગ રોડ, યુનિવર્સીટી ગ્રાઉન્ડની બાજુમાં, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦ ૦૫૨

ફોન : ૨૭૯૧૦૬૬૫/૨૭૯૧૧૬૬૨/૨૭૯૧૩૫૦૧ ફેક્સ : ૨૭૯૧૧૧૫૧

ઇમેઇલઃ cosec@gmdcltd.com વેબસાઇટઃ www.gmdcltd.com

CIN : L14100GJ1963SGC001206

## ૫૪મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસ, બુક બંધ અને ઇ-વોટિંગની માહિતી

આથી નોટિસ આપવામાં આવે છે કે કંપનીના સભાસદોની ૫૪મી વાર્ષિક સામાન્ય સભા શુક્રવાર, તારીખ, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૭ ના રોજ ૧૧:૦૦ કલાકે કંપનીની નોંધાયેલી કચેરી, ''ખનીજ ભવન'', ૧૩૨ ફીટ રીંગ રોડ, યુનિવર્સીટી ગ્રાઉન્ડની બાજુમાં, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૫૨ (ગુજરાત) ખાતે, વાર્ષિક સામાન્ય સભાની નોટિસમાં દર્શાવેલ વ્યવહારોના કામકાજ માટે રાખવામાં આવેલ છે.

વાર્ષિક સામાન્ય સભાની નોટિસ તથા નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ નો વાર્ષિક અહેવાલ જે શેરધારકોના ઇ-મેઇલ સરનામા કંપની જોડે કે ડિપોઝીટરી પાર્ટીસિપેન્ટ્સ જોડે નોંધાયેલ છે તેઓને ઇલેક્ટ્રોનિક રીતે મોકલવામાં આવેલ છે. આ સિવાયના બધા સભ્યોને સદર દસ્તાવેજોની ભૌતિક નકલો તેઓના નોંધાયેલ સરનામે કુરીયર દ્વારા મોકલવામાં આવેલ છે. આ કામગીરી તા. ૬ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ પૂર્ણ થયેલ છે. સદર દસ્તાવેજો કંપનીની વેબસાઇટ www.gmdcltd.com પર પણ ઉપલબ્ધ છે.

વધુમાં કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૯૧ તેમજ તે અંતર્ગત બનાવેલ નિયમોની જોગવાઇઓ અનુસાર આથી નોટિસ આપવામાં આવે છે કે કંપનીના સભાસદોના રજિસ્ટર તથા શેર ટ્રાન્સફર બુક શુક્રવાર, તા. ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૭થી શુક્રવાર, તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૭ (બંને દિવસો સહિત) ૫૪મી વાર્ષિક સામાન્ય સભા તેમજ વાર્ષિક ડિવિડન્ડના ચુકવણાના હેતુસર બંધ રહેશે.

વધુમાં આથી સૂચના આપવામાં આવે છે કે કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૧૦૮ તેમજ તેના અંતર્ગત બનેલ નિયમો અને લિસ્ટીંગના નિયમોની નિયમ ૪૪ની જોગવાઇઓ મુજબ, કંપની તેના સભાસદોને રિમોટ ઇ-વોટિંગની સવલત આપી રહી છે. જે શેરધારકો કટ-ઓફ તા. ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૭ શુક્રવાર રોજ ફીઝીકલ અથવા ડિમટિરીયલાઇઝડ રૂપે શેર ધરાવતા હશે તેઓ પોતાનો મત ઇલેક્ટ્રોનિક માધ્યમથી ૫૪મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસમાં દર્શાવેલ કામકાજ પર, સેન્ટ્રલ ડિપોઝિટડરી સર્વિસીઝ (ઇન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ) ના ઇ-વોટિંગના માધ્યમથી મત આપી શકશે. યોગ્ય અને પારદર્શક રીતે ઇ-વોટિંગ પ્રક્રિયાની ચકાસણીના હેતુસર કંપનીએ મે. સંદિપ શેઠ એન્ડ એસોસિયેટ્સની ઇ-વોટિંગ સ્ક્રુટિનાઇઝર તરીકે નિમણૂક કરી છે. ઇ-વોટિંગ સંદર્ભની વિસ્તારપૂર્વકની પ્રક્રિયા/સૂચનાઓ ૫૪મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસમાં સમાવિષ્ટ છે. જો કોઇ વ્યક્તિ નોટિસની રવાનગી બાદ અને કટ-ઓફ તા. ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના ગાળાની વચ્ચે કંપનીનું સભ્યપદ મેળવે તો તેણે પોતાના લોગ-ઇન આઇડી તેમજ પાસવર્ડ મેળવવા helpdesk.evoting@cdslindia.com પર પોતાની અરજી મોકલવાની રહેશે. જો કોઇ સભાસદ સીડીએસએલના ઇ-વોટિંગ સેવામાં અગાઉથી નોંધણી ધરાવતા હોય તો તેઓ પોતાના હાલના યુઝર આઇડી તથ પાસવર્ડનો ઉપયોગ કરી રિમોટ ઇ-વોટિંગ દ્વારા પોતાનો મત આપી શકશે.

ઇ-વોટિંગનો સમય (રિમોટ ઇ-વોટિંગ) સોમવાર, તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૭, સવારે ૯:૦૦ કલાકે શરૂ થઇને ગુરુવાર તા. ૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૭, સાંજે ૫:૦૦ કલાકે પૂર્ણ થશે. આ સમય દરમિયાન, કંપનીના જે શેરધારકો કટ-ઓફ એટલે કે તા. ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૭ ના રોજ, ભૌતિકરૂપે કે ઇલેક્ટ્રોનિક રીતે શેર ધરાવતા હશે તેઓ ઇલેક્ટ્રોનિક રીતે મત આપી શકશે. ત્યારબાદ, સીડીએસએલ દ્વારા મત માટેનીઆ ઇ-વોટિંગ વ્યવસ્થા બંધ કરી દેવામાં આવશે. ૫૪ મી વાર્ષિક સામાન્ય સભાના સ્થળે બેલોટ પેપર દ્વારા મત આપવાની વ્યવસ્થા પણ આપવામાં આવશે. જે સભાસદો સભામાં હાજર હશે અને જેઓએ રિમોટ ઇ-વોટિંગ પદ્ધતિથી મત આપ્યો નહીં હોય તેઓ જ પોતાનો મતાધિકાર વાપરી શકે. રિમોટ ઇ-વોટિંગની વિગતો માટે વાર્ષિક સામાન્ય સભાની નોટિસ જોવાની રહશે. ઇલેક્ટ્રોનિક માધ્યમથી મત આપવા સંદર્ભે જો કોઇ પ્રશ્ન હોય તો વારંવાર પૂછાતા સવાલો (FAQs) અને ઇ-વોટિંગના વપરાશ સૂચનાસંગ્રહ (User Manual), જે સીડીએસએલની વેબસાઇટ www.evotingindia.com ના હેલ્પ સેક્શનમાં ઉપલબ્ધ છે, તે જોવાના રહેશે અથવા તો ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૦૦-૫૫૩૩ પર સંપર્ક સાધવાનો રહેશે. ઇલેક્ટ્રોનિક માધ્યમથી મત આપવા બાબતે જો કોઇ ફરિયાદ હોય તો શ્રી મહેબુબ લાખાણી, આસી. મેનેજર, સીડીએસએલ, ૧૭મો માળ, પી. જે. ટાવર્સ, ફોર્ટ - મુંબઇનો સંપર્ક સાધવા વિનંતી છે. ઇ-મેઇલ : helpdesk.evoting@cdslindia.com ટેલ. ૦૨૨-૨૨૭૨૩૩૩૩.

હાજરી આપવા અને મત આપવા હક્કદાર સભ્ય, તેના પોતાના બદલે હાજરી આપવા અને મત આપવા પ્રતિનિધિની નિમણૂક કરવા હક્કદાર છે અને પ્રતિનિધિ કંપનીનો સભ્ય હોવો તે જરૂરી નથી. પ્રતિનિધિ નિયુક્ત કરતો પત્ર (સૂચિત ફોર્મમાં), અસરકારક થવા માટે, વાર્ષિક સામાન્ય સભા આરંભ થતા અગાઉ ઓછામાં ઓછા ૪૮ (અડતાલીસ) કલાક કરતા પહેલા કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ ખાતે જમા કરાવવા આવશ્યક છે. કંપની, સોસાયટી વિગેરે દ્વારા જો પ્રતિનિધિ નિયુક્ત થાય તો તેવા કિસ્સામાં લાગુ પડતા ઠરાવોની નકલ જમા કરાવવાની રહેશે.

**ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડ વતી**

**સ્થળ : અમદાવાદ** — **જોએલ ઇવાન્સ**

**તારીખ : ૦૬-૦૯-૨૦૧૭** — **કંપની સેક્રેટરી**

COMPANY SECRETARY

cs/kcp/2016